| | |
|---|---|
| PUBLICATION NAME : | Sandesh |
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/12/2021 |
| PAGE : | 03 |

### નેશનલ ઈમ્પોર્ટન્સ ધરાવતી એક પણ સંસ્થા ટોપ-૧૦માં સ્થાન મેળવી શકી નહીં

# ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રના અટલ રેન્કિંગમાં રાજ્યની પાંચ સંસ્થાને સ્થાન

### જીટીયુ, ગુજરાત યુનિવર્સિટી, એલ.ડી. કોલેજ, પીડીપીયુ, ઈડીઆઈને જુદી જુદી કેટેગરીમાં રેન્ક મળ્યો

। અમદાવાદ ।

કેન્દ્રીય શિક્ષા મંત્રાલય અને એઆઈસીટીઈના ઈનોવેશન સેલ દ્વારા 'અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓન ઈનોવેશન એચિવમેન્ટસ'ની ૨૦૨૧ની ત્રીજી આવૃત્તિ જાહેર કરવામાં આવી છે. ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટમમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ જે કાર્ય કર્યું હોય તે બદલ તેમને રેન્ક આપવામાં આવ્યા છે. જેમાં ગુજરાતની પાંચ સંસ્થાનો સમાવેશ થાય છે. પાંચ સંસ્થા પૈકી એક ગાંધીનગરમાં છે બાકીની ચારેય અમદાવાદની છે. તે સિવાય રાજ્યના અન્ય વિસ્તારની એક પણ સંસ્થાને રેન્કિંગ મળ્યું નથી. આર્યા રેન્કિંગમાં ઈનોવેશન અને સ્ટાર્ટઅપને સહકાર અને આગળ વધવાની પ્રવૃત્તિઓ, કેમ્પસ પર પ્રિ-ઈન્ક્યુબેશન અને ઈન્ક્યુબેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા, ઈનોવેશન વગેરે મુદ્દા પર સંસ્થાઓની આકારણી થઈ હતી. ૨૦૧૯માં આર્યાની પ્રથમ આવૃત્તિ આવી હતી જેમાં ૪૯૬ સંસ્થાઓએ ભાગ લીધો હતો. ૨૦૨૦માં બીજી આવૃત્તિ વખતે ૬૭૪ સંસ્થાઓએ ભાગ લીધો હતો. ૨૦૨૧ની આવૃત્તિ માટે ૩,૫૫૧ સંસ્થા નોંધાઈ હતી. તેમાંથી ૧,૪૩૮ સંસ્થાઓએ ભાગ લીધો હતો. સેન્ટ્રલી ફંડેડ, સેન્ટ્રલ યુનિવર્સિટી અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ કેટેગરીમાં ગુજરાતની એક પણ સંસ્થાને સ્થાન મળ્યું નથી. તેની સામે વાસ્તવિકતા એ છે કે નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર આઈઆઈટી, સુરત ટ્રિપલ આઈટી, નાઈપર, આણંદની ઈરમા અને જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીને નેશનલ ઈમ્પોર્ટન્સનું સ્ટેટસ મળ્યું છે. પરંતુ આ એકેય સંસ્થા ટોપ-૧૦ રેન્કમાં સ્થાન મેળવી શકી નથી.

**સેલ્ફ ફાઈનાન્સ-ખાનગી યુનિવર્સિટી ડિમ્ડ યુનિવર્સિટી ટોપ-૧૦ રેન્કસ**

| સંસ્થાનું નામ | રેન્ક | |
|---|---|---|
| પં.દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી | 5 | ગાંધીનગર, ગુજરાત |
| ગુજરાત યુનિવર્સિટી | 9 | અમદાવાદ, ગુજરાત |

**સ્ટેટ યુનિવર્સિટી અને ડિમ્ડ યુનિવર્સિટીના ટોપ-૧૦ રેન્કસ**

| સંસ્થાનું નામ | રેન્ક | |
|---|---|---|
| ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી | 7 | અમદાવાદ, ગુજરાત |
| ગુજરાત યુનિવર્સિટી | 9 | અમદાવાદ, ગુજરાત |

**નોન ટેક્નિકલ જનરલ કેટેગરી ટોપ-૫ રેન્કસ**

| સંસ્થાનું નામ | રેન્ક | |
|---|---|---|
| આંત્રપ્રીન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા | 1 | અમદાવાદ, ગુજરાત |
| ગુજરાત યુનિવર્સિટી | 9 | અમદાવાદ, ગુજરાત |

**કોલેજ-ઈન્સ્ટિટ્યૂટ ટોપ-૫ રેન્કસ**

| સંસ્થાનું નામ | રેન્ક | |
|---|---|---|
| એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ | 3 | અમદાવાદ, ગુજરાત |
| ગુજરાત યુનિવર્સિટી | 9 | અમદાવાદ, ગુજરાત |